# પશુપાલન એ જિલ્લાના અર્થતંત્રની કરોડરજ્જુ છે : ડૉ. સી. જે. ચાવડા

## ખેડૂત હવે ટોળટપ્પા નહિ પણ ઓટલે બેસી આધુનિક ખેતીની વાતો કરે છે : શંભુજી ઠાકોર

ગાંધીનગર, તા. ૨

પશનપાલન એ પણ કૃષિ ખેતીમાં ખેડૂતને સતત ચિંતાઓ હોય છે પણ પશુપાલનની આવક ડૉ. ચાવડાએ ખેડૂતોને સસ્તા ધિરાણની પણ હિમાયત



સાથે એટલુ જ મહત્વનું છે એટલુ જ નહિ પશુપાલન એ જિલ્લાના અર્થતંત્રની કરોડરજજન છે તેમ ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ જણાવ્યુ છે.

આજે ગિયોડ ખાતે યોજાયેલ કિસાન કલ્યાણ દિવસ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ડૉ. ચાવડાએ જણાવ્યુ હતુ કે આકાશી થકી કિસાનની પત્ની તેની સાથે આર્થિક સહયોગ આપી ધરપત આપતી હોય છે.

તેમણે જણાવ્યુ હતુ કે કૃષિ ઉત્પાદન માટે ટપક સિંચાઈ પદ્ધતિનો વિકલ્પ સારો છે પણ હાલ જે રીતે પાણીની સમસ્યાને લઈ ગુજરાત ઝઝુમી રહ્યુ છે ત્યારે ખેત તલાવડીઓ વધુ બને તે જરૂરી છે.

કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે ખેડૂતને પોષણક્ષમ ભાવ મળી રહે તેવી બજાર વ્યવસ્થા ઉભી કરવામાં સરકાર ઉણી ઉતરી છે તે દુઃખદ છે.

ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે જણાવ્યુ હતુ કે કૃષિ મહોત્સવોની ઉજવણીથી ખેડૂત હવે શેરીના ઓટલે આધુનિક ખેતી પદ્ધતિની વાતો કરવા મંડ્યો છે તે એક સફળતાની નિશાની છે.

તેમણે જણાવ્યુ હતુ કે પોષણક્ષમ ભાવ ના મળે ત્યારે સરકાર ટેકાના ભાવે ઉત્પાદનો ખરીદી જ રહી છે અને કિસાન હિતમાં સરકારે ઘણા બધા મહત્વના નિર્ણયો કર્યા છે તે ભૂલવુ જોઈએ નહિ.

ઠાકોરે જણાવ્યું હતુ કે કૃષિ મહોત્સવોની ઉજવણી દરમ્યાન ખેડૂતો સાથે વૈજ્ઞાનિકો સીધી વાત કરી વધુ ઉત્પાદન કેવી રીતે મેળવી શકાય તેનુ માર્ગદર્શન ખેતરમાં જઈ અને ગોષ્ઠી કરીને પણ આપે છે.

આ પ્રસંગે રજીસ્ટ્રાર શ્વેતાબેને ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓની વિગતો આપી હતી. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ શોભનાબેન વાઘેલા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભમાં અનિશભાઈએ સ્વાગત પ્રવચન કરી મહેમાનો અને ખેડૂતોને આવકાર્યા હતા જ્યારે કાર્યક્રમના સમાપનની આભારવિધિ ડાહ્યાભાઈએ કરી હતી.

# ગાંધીનગર વસાહત મહામંડળ દ્વારા વનચેતના કેન્દ્ર સે-૩૦ ખાતે ચરણ સેવા સંપન્ન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા સેકટર-૩૦ માં આવેલા વનચેતના કેન્દ્ર ખાતે વનચેતના કેન્દ્ર ખાતે વનવિભાગના ૧૦૦થી વધુ શ્રમિકોને ચરણ સેવા વિતરણ કરવામા આવી હતી.

આ વર્ષની કાળઝાળ ગરમીમાં સમગ્ર સિઝન દરમિયાન આદિજાતિ વિસ્તાર મેઘરજ, શામળાજીની શાળાઓમાં તેમજ નવા સચિવાલય ખાતે કામ કરતા શ્રમિક પરિવારોમાં અને વનચેતના કેન્દ્રના શ્રમિકો સહિત ૫ હજાર થી વધુ પગરખાનું વિતરણ કરવામાં આવ્યું છે. પગરખા વિતરણની કરીને સંસ્થાએ તેની પરંપરાગત ચરણ સેવાની પ્રવૃત્તિને કાર્યરત રાખી છે. આ આયોજનમાં સહભાગી થવા બદલ પ્રમુખ અરૂણભાઈ બુચે વનવિભાગનો તથા નવા સચિવાલયના સહયોગીઓનો આભાર વ્યકત કર્યો હતો.

# સેકટર-૧૬ પોસ્ટ ઓફિસની લાલીયાવાળી સામે ગ્રાહકો પરેશાન

## પોસ્ટ રીકરીંગ એકાઉન્ટ ધરાવતા ગ્રાહકોએ પોતાની પાકતી રકમ લેવા પણ વારંવાર ધરમના ધક્કા ખાવા પડે છે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના સેકટર-૧૬માં આવેલી પોસ્ટ ઓફિસમાં ચાલી રહેલી લાલીયાવાળીને લીધે ગ્રાહકો પરેશાન થઈ ગયા છે. કામકાજ અર્થે પોસ્ટ ઓફિસમાં આવતા રીકરીંગ એકાઉન્ટ હોલ્ડરો અને ગ્રાહકોને સ્ટાફના અભાવે વારંવાર ધરમ ધક્કા ખાવાનો વારો આવી રહ્યો છે. પોસ્ટના કર્મચારીઓ ગ્રાહકોને જાત જાતની બાધા આપી કામગીરીમાંથી છટકી જાય છે તેવી અનેક ફરિયાદો કર્મચારીઓની સામે ઉઠવા પામી છે.

ઘટનાની વિગત એવી છે કે ગાંધીનગર શહેરના સેકટર-૧૩માં રહેતા નિવૃત્ત કર્મચારીએ પાંચ વર્ષ અગાઉ નાણાંની બચતના ભાગરૂપે સે-૧૬ પોસ્ટ ઓફિસમાં રીકરીંગ એકાઉન્ટ ખોલાવ્યું હતું. પાંચ વર્ષના લાંબા સમય સુધી નિવૃત્તે દર મહિને પોસ્ટમાં પોતાના નાણાં જમા કરાવ્યા હતા. ગત માસમાં આ નિવૃત્તની રીકરીંગ એકાઉન્ટની રકમ પાકતા જરુરી પુરાવા સાથે ગત ૧૮ એપ્રિલના રોજ નાણાં રકમ વ્યાજ સહિત લેવા ગયા હતા જયાં પોસ્ટ કર્મચારીએ આવતા મહિને આવજો સહી કરી આપનાર સાહેબ હાજર નથી તે ટ્રેનિંગમાં ગયા છે એટલે પછી આવજો તેમ કહી મોકલી દીધા હતા. નિવૃત્ત બે દિવસ અગાઉ પાછા પોસ્ટ ઓફિસમાં ગયા હતા ત્યાં ફરી જવાબ મળ્યો કે તમારો ચેક તૈયાર થયો નથી આથી નાસીપાસ થઈ ગયેલા નિવૃત્ત પોસ્ટ ઓફિસમાંથી પોતાના ઘરે જતા રહ્યા હતા. વારંવાર ધક્કા ખાઈ કંટાળી ગયેલા નિવૃત્ત આજે ફરી એક વખત રકમ લેવા ગયા હતા પરંતુ ખાલી હાથે પાછા ફર્યા હતા. પોસ્ટમાં સ્ટાફ નથી, સ્ટાફનો અભાવે છે તેવા બહાના બતાવી આવા કેટલા એકાઉન્ટ હોલ્ડરને દિવસ દરમિયાન પાછા મોકલતા હશે તેમ કહી પોસ્ટ ઓફિસ સામે ઉગ્ર રોષ વ્યકત કર્યો હતો.

આ એક પણ હકીકત છે કે દરરોજ સંખ્યાબંધ પોસ્ટ રીકરીંગના હોલ્ડરો પોસ્ટ કર્મચારીઓના લીધે પરેશાન થઈ ગયા છે ત્યારે પોસ્ટના ગ્રાહકોએ આ પોસ્ટના કર્ચમારીઓ વિરુધ્ધ ઉગ્ર રોષ વ્યકત કર્યો હતો.

# ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના સાંપા ગામે કિસાન કલ્યાણ મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના સાંપા ગામે



જિલ્લા વહીવટી તંત્ર, ગાંધીનગર દ્વારા ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત કિસાન કલ્યાણ મહોત્સવનું દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કર્યા બાદ રાજય આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીને જણાવ્યું હતું કે, આધુનિક ખેતી માટે તાંત્રિક અને વૈજ્ઞાનિક માર્ગદર્શન અને સંશોધનો દ્વારા ગામડાઓનું કૃષિ આધારિત અર્થતંત્ર વધુ મજબૂત બન્યું છે. ગાંધીનગર જિલ્લામાં વર્ષ-૨૦૦૦માં ખેડૂતોની આવક રૂ. ૧૪૦ કરોડ હતી જે વર્ષ-૨૦૧૭માં વધીને રૂ. ૧૩૮૧ કરોડ થઈ છે. ગાંધીનગર જિલ્લાના ખેડૂતો ઓછી જમીનમાં ખાતર-બિયારણ-પાણીનો ખર્ચ ઘટાડી આધુનિક ખેત પધ્ધતિ અપનાવતાં કૃષિ ઉત્પાદનમાં વધારો કરી આર્થિક રીતે સધ્ધર બન્યા છે.

ગાંધીનગર કલેકટર એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, કૃષિ મહોત્સવના આયોજનથી ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકો-તજજ્ઞો વચ્ચેનો સેતુ વધુ અસરકારક બન્યો છે. ગાંધીનગર જિલ્લામાં ૮૩ ટકા નાના અને સીમાંત ખેડૂતો ઓછી જમીન ધરાવે છે, તેમ છતાં કૃષિ ક્ષેત્રના સંશોધનો અને કૃષિ જ્ઞાનનો લાભ લઈ ખેડૂતોએ વધુ સદ્ધરતા હાંસલ કરી છે.

જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયાએ જણાવ્યું હતું કે, વર્ષ- ૨૦૦૫થી રાજયમાં શરૂ કરેલ



કૃષિ મહોત્સવના ફળદાયી પરિણામો પ્રાપ્ત થયા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની આવક વર્ષ-૨૦૨૨ સુધીમાં ડબલ કરવા માટે દેશભરમાં ખેડૂતોને આધુનિક ટેકનોલોજી અને નવીન ખેતી પધ્ધતિ અંગેના માર્ગદર્શન માટે અભિયાન હાથ ધર્યું છે. આ પ્રસંગે દહેગામ ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેશભાઈ શાહ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે દહેગામ તાલુકા પંચાયતના પ્રમુખ સરલાબેન અમીન, જિલ્લા ખેતીવાડી અધિકારી ડી.પી. જાદવ, નાયબ ખેતી નિયામક મહાવીરસિંહ વાઘેલા સહિત પશુપાલન, બાગાયત અને કૃષિ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાંહતાં. ગાંધીનગર આત્મા પ્રોજેકટ ડાયરેકટર બી.એમ. પટેલે આભારવિધી કરી હતી.

# ગુજરાતમાં ગરમી યથાવત

ગાંધીનગર, તા. ૨

ગરમીનો પ્રકોપ યથાવતરીતે જારી રહ્યો છે. આજે અમદાવાદમાં પારો ૪૩ રહ્યો હતો. આગઝરતી ગરમીનો અનુભવ બપોરના ગાળામાં લોકોએ કર્યો હતો. મહત્તમ તાપમાનમાં હજુ કોઈ ફેરફાર થવાના સંકેત નથી પરંતુ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. આજે રાજ્યના અનેક ભાગોમાં તાપમાન ૪૩ અને ભાવમગરમાં ૪૪ સુધી પારો રહ્યો હતો. હવામાન વિભાગ તરફથી હિટવેવને લઈને કોઈ ચેતવણી જારી કરાઈ નથી પરંતુ તીવ્ર ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે. આજે સોમવારના દિવસે લોકો ઘરમાંથી બહાર નિકળવાનું ટાળતા નજરે પડ્યા હતા જેથી બપોરના ગાળામાં શહેરના મોટાભાગના રસ્તા સુમસામ બન્યા હતા.

# ગાંધીનગર પોલીસ હેડ કવાર્ટરમાં હેતુલક્ષી તાલીમનો આરંભ

## શિક્ષિત એસ.સી., એસ.ટી યુવક-યુવતીઓ માટે તાલીમ : આગામી ભરતી મેળામાં પસંદગી પામે તેવી આયોજનબધ્ધ તાલીમ અપાશે

ગાંધીનગર જિલ્લા પોલીસ હેડ કવાર્ટર ખાતે અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના શિક્ષિત યુવક-યુવતીઓ માટે ખાસ તાલીમ શરુ કરવામાં આવી છે. સરકાર દ્વારા આયોજીત હેતુલક્ષી તાલીમનો આ યુવક-યુવતીઓ લાભ લઈ પગભર થઈને સમાજના મુખ્ય પ્રવાહમાં સામેલ થઈ શકે તે માટે પોલીસ, લશ્કરી અને અર્ધલશ્કરી દળો (બીએસએફ, સીઆરપીએફ, આરએએફ, સીઆઈએસએફ) તથા સરકારી વિભાગોમાં ભરતી થવાની તકો મળે તેવા આશયથી જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવના માર્ગદર્શન હેઠળ હેડ કવાર્ટર ખાતે આ હેતુલક્ષી તાલીમ કાર્યક્રમનું સમગ્ર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દોડ, શારિરીક કસરત, સામાન્ય જ્ઞાનની જાણકારી, કાયદા સહિત વિવિધ વિષયોની જાણકારી, હેતુલક્ષી પ્રશ્નોની આગોતરી તૈયારી તથા વિવિધ રમતો જેવી પ્રવૃત્તિ કરાવી આગામી ભરતીમેળામાં પસંદગી પામે તે રીતની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમને લગતી વધુ માહિતી માટે પીએસઆઈ ડી.જી. ટુંડીયા (મો.નં. ૯૫૮૬૪૦૧૧૧૧) સાથે સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. ડી.જી. ટુંડીયાના જણાવ્યાનુસાર તાલીમ મેળવવા આવનાર યુવક યુવતીઓ માટે સવારે ચા નાસ્તો અને બપોર-સાંજ જમવાની સગવડ ઉપરાંત રહેવા માટેની પણ નિઃશુલ્ક સેવા આપવામાં આવનાર છે.

# પછાત વર્ગના જમીન વિહોણા નાગરીકો માટે બસપા દ્વારા મામલતદારને આવેદનપત્ર

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજરોજ બહુજન સમાજ પાર્ટી દ્વારા



તાલુકાના પછાત વર્ગના જમીન વિહોણા નાગરીકો માટે ધરણા પ્રદર્શનનો કાર્યક્રમ યોજ્યો હતો. સવારે ૧૦ થી બપોરના ૨ કલાક સુધી આયોજીત ધરણાના કાર્યક્રમમાં બસપા સહિત તાલુકાના વિવિધ સંગઠનોના હોદેદારો તેમજ સભ્યો હાજર રહીને સરકાર સામે પ્રદર્શન કરીને ગાંધીનગર મામલતદારને આવેદનપત્ર પાઠવી જમીન અધિકારની માંગ કરી છે. આ ધરણા કાર્યક્રમમાં તાલુકાના ૫૦થી વધુ નાગરીકોના ઘર કે પ્લોટ ના હોય તેના માટે ફોર્મ ભરવામાં આવ્યા હતા.

રાજયના સમગ્ર દલિતો અને આદિવાસીઓ જમીન અધિકાર ઝુંબેશ અને સાથી સંગઠનો દ્વારા ગુજરાતના ૨૮ જિલ્લાઓમાંથી ૭૪ તાલુકાઓમાં મામલતદારને આજરોજ આવેદન પત્ર આપી જમીન માટે ન્યાય માટેની ગુહાર લગાવી છે.

સાથણીની જમીન, પ્લોટ, સ્મશાન, શરતભંગની, જંગલ જમીન, અને અન્ય જમીનોના મુદ્દાઓને ધ્યાને લઈને દાવાઓ કરવા માટેના ફોર્મ પણ ભરવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં સૌરાષ્ટ્ર દલિત સંગઠન દ્વારા ૪૫ હજાર જમીનને લગતા દાવાઓ કરવામાં આવ્યા છે. જમીન સુધારણા નિતી અને મહેસુલ કાયદાની યોગ્ય અમલવારી ન થવાના કારણે આજે જમીનનો પ્રશ્ન ખુબ પેચીદો બની ગયો છે. દેશ આઝાદ થયા પછી ટેકનીકલમાં હરણફાળ ભરવા કુદકા મારે છે પરંતુ જમીન સુધારણાના અમલમાં ગરીબોને હથેળીમાં ચાંદ બતાવે છે. સરકારની છેંતરપિંડીનો ભોગ રાજયના જમીન વિહોણા દલિત, આદિવાસી, અને પછાત વર્ગના ગરીબ લોકો બની રહ્યા છે.

ગુજરાતમાં આજે પણ આશરે ૧૯.૮૪ લાખ હેકટર જમીન ખેડવાલાયક પડતર છે અને ૨૫.૯૯ લાખ હેકટર જમીન ખેડી ન શકાય તેવી પડતર છે. સરકાર સેઝ દ્વારા વર્ષ ૨૦૦૫ થી લઈને ૨૭૧૨૫ હેકટર જમીન ૫૫ જેટલા સેઝમાં લ્હાણી કરી ચુકી છે. જો સરકાર ખાનગી કંપનીઓને આપતી હોય જમીન તો રાજયના દલિત, આદિવાસી, પછાત વર્ગના જમીન વિહોણા નાગરીકોને કેમ નહી તેથી આજે સત્યાગ્રહ છાવણી ખાતે બસપા અને અન્ય સંગઠનોના હોદેદારોએ હાજર રહીને પ્રદર્શન કરીને જમીનના માંગ સાથે મામલતદારને આવેદન પત્ર આપ્યું હતું. આ ધરણા પ્રદર્શનમાં બસપાના દિપરાજ મહેરા, પ્રવિણભાઈ વાઘેલા, મુકેશ લકુમ, જયંતિ ભાઈ કાકડીયા, દેવેનભાઈ, હીતેન્દ્રભાઈ સહિત કાર્યકરો હાજર રહ્યા હતા.

# નિસર્ગ ખાતે મોડેલ રોકટેરી અને એરોમોડલીંગ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૨

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ઉનાળુ વેકેશન અને દિવાળી વેકેશન દરમિયાન 'વેકેશન વિજ્ઞાન સંગ




કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે વિવિધ સાયન્સ વર્કશોપ અને વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તીઓનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ પોતાની રજાઓ ટી.વી., વીડીયોગેમ, મોબાઈલ ફોન વગેરે જેવી પ્રવૃત્તીઓમાં વેડફી ન દે તે હેતુથી તા. ૧-૫-૧૮ થી ૧૭-૫-૧૮ દરમિયાન સાયન્સ ટેલેન્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્કશોપ અંતર્ગત તા. ૧-૫-૧૮ના રોજ મોડેલ રોકટેરી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતના સ્વપ્રદૃષ્ટા વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈએ રોકેટ ક્ષેત્રે ઘણુ સંશોધન કર્યુ છે. તેથી વિદ્યાર્થીઓમાં પણ રોકેટ વિશે નવુ વધુ જાણવાની તથા સમજવાની ભારે ઉત્કંઠા હોય છે. નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનીલભાઈ પટેલે વિદ્યાર્થીઓને રોકેટ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. રોકેટ વિજ્ઞાનના કયા સિદ્ધાંત પર કામ કરે છે તેની વિગતવાર માહિતી આપી હતી. પી.એસ.એલ.વી., જી.એસ.એલ.વી. રોકેટ વિશે સમજુતી આપી હતી. વિદ્યાર્થીઓએ કાર્ડ પેપર અને ચાર્ટ પેપરનો ઉપયોગ કરીને સીંગલ સ્ટેજ રોકેટ, ડબલ સ્ટેજ રોકેટ, પેરાશુટ રોકેટ બનાવ્યા હતા. રોકેટ કેટલી ઊંચાઈએ ગયુ તેની ગણતરી પણ શીખડાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ રીમોટ કંટ્રોલથી રોકેટનું લોન્ચીંગ પણ કર્યુ હતુ.

તા. ૨-૫-૧૮ના રોજ એરોમોડેલીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય હવાઈદળના વિવિધ ફાઈટર પ્લેન જેવા કે વસંત, ગ્રીષ્મા, સી હેરીયર, મીગ, મીરાજ, જગુઆર જેવા એરોપ્લેનના ટચુકડી મોડેલ વિદ્યાર્થીઓએ કાર્ડ પેપરથી બનાવ્યા હતા. એરોપ્લેનની આંતરીક રચના, વૈજ્ઞાનિક સિદ્ધાંત જેવા વિવિધ ભાગો વિશે પણ વિદ્યાર્થીઓને ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. એરોપ્લેન હવામાં કઈ રીતે ઊડી શકે, સ્થીર રહી શકે અને તેના ઉતરાણ, ચઢાણ વિશેની તમામ ટેકનીકલ માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ બંને વર્કશોપમાં ૮૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# સચિવાલયના સંયુકત સચિવ વનરાજ વણઝારાને અધિક સચિવ તરીકે બઢતી

ગાંધીનગર, તા. ૨

સચિવાલયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સંયુકત સચિવ શ્રી વનરાજ વણઝારાને અધિક સચિવ તરીકે બઢતી આપીને સરકારે તે જ વિભાગમાં નિમણુંક કરી છે.

શ્રી વનરાજ વણઝારા, વડોદરા એમ.એસ. યુનિવસિટીમાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈને જી.પી.એસ.સી.વર્ગ-૧ અને વર્ગ-૨ ની પરીક્ષા પાસ કરીને સન ૧૯૯૦માં સીધી ભરતીથી સચિવાલયમાં જોડાયા હતા. સચિવાલયમાં અનેક વિભાગોમાં ઉપસચિવ, નાયબ સચિવ અને સંયુકત સચિવ તરીકે યશસ્વી કામગીરીના કારણે તેઓ દરેક જૂથ, જાતિ, કોમ, અધિકારી વર્ગ અને રાજકીય વર્તુળોમાં લોકપ્રિય બનેલા છે. શ્રી વનરાજ વણઝારા સમગ્ર ગુજરાતમાં પ્રખ્યાત વણઝારા કુટુંબના ત્રીજા ભાઈ છે, જેમાં પૂર્વ I.P.S. શ્રી ડી.જી.વણઝારા અને અધિક સચિવ શ્રી કે.જી.વણઝારાનો સમાવેશ થાય છે. સાબરકાંઠામાં ઈલોલ જેવા પછાત ગામ અને બક્ષીપંચમાં પણ સતત વિચરણ



કરતી અતિ પછાત વણઝારા જાતિમાંથી આવતા આ કુટુંબે સખત પરિશ્રમ અને નિષ્ઠાથી U.P.S.C અને G.P.S.C. માંથી સીધી ભરતીના I.A.S/I.P.S. અને વર્ગ-૧ મળીને ૭ અધિકારીઓ પેદા કર્યા છે. આજે સડકથી સંસદ સુધી તેમજ સીવીલ કોર્ટથી સુપ્રિમ કોર્ટ સુધી સર્વત્ર અનામતના નામે સમગ્ર દેશમાં આગ લાગી છે અને પછાત ગણાવા માટેની સ્પર્ધા જામી છે ત્યારે આ કુટુંબના સભ્યોએ અનામતનો લાભ લીધા સિવાય સ્વબળે આ સિધ્ધિ હાંસલ કરી છે.

# ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘનો સત્તરમો સમુહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ આયોજીત સત્તરમો સમુહ લગ્નોત્સવ આગામી ૭મી મે ૨૦૧૮ને સોમવારે સેકટર-૬ મેદાન ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં ૨૫ નવ દંપતિઓ પ્રભુતામાં પગલા માંડશે.

આ સમુહ લગ્નોત્સવ શહેરના સેકટર-૬ પેટ્રોલ પંપ પાસેના મેદાનમાં યજાશે. જેમાં ૭મી મે ૨૦૧૮ના રોજ માંગલિક પ્રસંગમાં ૭.૩૦ કલાકે ગણેશ સ્થાપન, ૯ કલાકે જાન આગમન, ૯.૩૦ કલાકે લગ્નવિધિ, ૧૧ કલાકે ભોજન સમારંભ બપોરે ૧ કલાકે સામાજિક વ્યવહાર તથા બપોરે ૨ કલાકે આર્શીવચન અને સ્વાગત સમારોહ યોજાશે.

સમૂહ લગ્નોત્સવમાં સમારોહના ઉદઘાટક પદે નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ, આર્શીવચનકર્તા પદે મહંત અને સાંસદ પૂજય શંભુપ્રસાદ ટુંડિયા, સમારોહના અધ્યક્ષપદે ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી તથા વિશેષ ઉપસ્થિતિમાં મહંત પ્રકાશ બાપુ, રમણ જય માડી, પ્રવિણભાઈ વાણીયા અને પ્રભુદાસ ઉપસ્થિત રહેશે. સમારોહના મુખ્ય મહેમાન પદે મંત્રી ઈશ્વરભાઈ પરમાર સાંસદ કિરીટ સોલંકી, ધારાસભ્ય બાલુભાઈ પટેલ, શંભુજી ઠાકોર, ધનજીભાઈ મેકસાના, ડી.ડી. પટેલ, ગૌતમ ગેડીયા, જીવરાજ ચૌહાણ અને ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહેશે.

# જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગર દ્વારા રકતદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨

જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગર તથા સાહેલી ગ્રુપ તેમજ ઉમિયા માતાજી સંસ્થાના અને ગાંધીનગર અર્બન કો.ઓ.બેંકના સંયુકત ઉપક્રમે તા.૨૯ એપ્રિલના રોજ ઉમિયા માતાજી ના પાટોત્સવના દિવસે રકતદાન કેમ્પનું આયોજન ઉમિયા કેમ્પસ સે-૧૨ ખાતે કરવામાં આવ્યું હતું. આ રકતદાન શિબિરમાં ૩૮ બોટલ રકત એકત્ર થયું હતું.

આ રકતદાન કેમ્પ અમદાવાદના કેન્સર હોસ્પિટલના દર્દીઓના લાભાર્થે યોજાયો હતો. આ પ્રસંગે હોસ્પિટલના ડોકટર્સ તથા કર્મચારીઓએ હાજર રહીને ૩૮ યુનિટ રકતદાન મેળવ્યું હતું.આ રકતદાન કેમ્પને સફળ બનાવવા માટે જાયન્ટ્સ ગ્રુપના યુનીટ ડાયરેકટર બી.એમ.પટેલ, સાંકાભાઈ પટેલ, નટુભાઈ પટેલ, ડાહ્યાભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, વસંતભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, તેમજ ભોળાભાઈ પટેલ દ્વારા પણ સાથ અને સહકાર સાંપડયો હતો. ગાંધીનગર અર્બન કો.ઓ.બેંકના એમ.ડી. તેમજ ડીરેકટર દ્વારા પણ રકતદાતાઓને ભેટ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. આ રકતદાન શિબિરમાં રકતદાતાઓને પ્રોત્સાહન પુરુ પાડવા માટે અતિથિ વિશેષ તરીકે કેન્દ્રીય મંત્રી પુરષોતમભાઈ રૂપાલા, શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ, ડે.મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, હાજર રહ્યા હતા.

## ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત

સત્યમેવ જયતે

આદિજાતિ વિકાસ વિભાગ

બ્લોક નં. ૮/૨, નવા સચિવાલય, ગાંધીનગર.

ફોન નં. ૨૩૨૫૨૨૫૭

વનબંધુ કલ્યાણ યોજના
VANBANDHU KALYAN YOJANA

**રીક્વેસ્ટ ફોર પ્રોપોઝલ (RFP)**
**ફાઈનાન્સીયલ એડવાઈઝર કમ ઈન્ટનટલ ઓડીટરના**
**વર્ષ ૨૦૧૮-૧૯ની પસંદગી માટે**

ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા પ્રમોટેડ સોસાયટી, ફાઈનાન્સીયલ એડવાઈઝર કમ ઈન્ટનટલ ઓડીટરની નિમણુંક માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે જેઓ C&AG દ્વારા એમપેનલ્ડ હોય તેવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) ફર્મ પાસેથી વર્ષ ૨૦૧૮-૧૯ માટે રીક્વેસ્ટ ફોર પ્રોપોઝલ (RFP) આમંત્રીત કરે છે.

RFPની સંપૂર્ણ વિગતો અમારી વેબસાઈટ http://vky.gujarat.gov.in તથા http:/dsag.gujarat.gov.in ઉપરથી મેળવી શકાશે અથવા ઉપરોક્ત જણાવેલ સરનામા પરથી ઓફીસ સમય દરમિયાન 'ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત પેયેબલ એટ ગાંધીનગર'ના નામનો રૂ. ૧૫૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ આપીને ટેન્ડર ડૉક્યુમેન્ટ મેળવી શકાશે.

**મહત્વની તારીખ :**

| | |
|---|---|
| RFP કલેક્ટ કરવાની છેલ્લી તારીખ | ૧૬/૫/૨૦૧૮ (૧૭.૦૦ કલાકે) |
| પ્રપોઝલ ડી-સેગ ખાતે જમા કરવાની છેલ્લી તારીખ | ૧૭/૫/૨૦૧૮ (૧૭.૦૦ કલાકે) |
| ટેકનીકલ ડોક્યુમેન્ટ ખોલવાની તારીખ | ૧૯/૫/૨૦૧૮ (૧૨.૦૦ કલાકે) |

સહી/-
મુખ્ય કારોબારી અધિકારી
ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત
ગાંધીનગર

માહિતી/૨૭૧/૧૮-૧૯